

# નેપાળમાં પુનઃ ભૂકંપ

## ૭.૩ની તીવ્રતાના ભૂકંપથી નેપાળ હચમચ્યું : પ્રાથમિક અંદાજમાં મોતનો આંકડો ૫૦થી પણ ઉપર : હજારો લોકો ઈજાગ્રસ્ત શ્રેણીબદ્ધ ઈમારતો ધરાશાયી : દોઢ કલાકમાં જ ૭થી વધુ આંચકાઓ નોંધાયા

કાઠમાંડુ,તા. ૧૨ નેપાળમાં ૨૫મી એપ્રિલના દિવસે ૭.૮ની તીવ્રતાના વિનાશકારી ભૂકંપની તબાહીમાંથી હજુ સુધી બહાર નિકળી શકાયું નથી ત્યારે નેપાળમાં આજે ત્રણ સપ્તાહના ગાળા બાદ જ ફરી વિનાશક આંચકો નોંધાયો હતો જેની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૭.૩ નોંધાઈ હતી. સમગ્ર નેપાળ ફરી એકવાર હચમચી ઉઠ્યું હતું અને ૨૫મી એપ્રિલના વિનાશકારી અને હોરિફિટ ભૂકંપની યાદ લોકોના દિલોદિમાગમાં તાજી થઈ ગઈ હતી. આજે આવેલા પ્રચંડ ભૂકંપમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૬૩ | ૧૩ મે, ૨૦૧૫, બુધવાર ; વૈશાખ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**સમગ્ર ઉત્તર-પૂર્વ ભારતના રાજ્યોમાં ધરતીકંપ : ૨૦ના મોત**

Page-6

# પ્લોટોની ઈ-હરાજીનો તખ્તો તૈયાર

## ૧૦ વર્ષ બાદ ગાંધીનગરના પ્લોટોની હરાજી હરાજીમાં ભાગ લેનારને તંત્ર દ્વારા તાલિમ અપાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના ૯૮ જેટલા પ્લોટની ઈ હરાજી માટેનો સંપૂર્ણ તખ્તો જિલ્લા તંત્રએ તૈયાર કરી લીધો છે અને આગામી વીસ દિવસમાં જ આ હરાજી યોજવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ૧૦ વર્ષના લાંબા ગાળા બાદ હરાજીની મંજૂરી રાજય સરકારે આપી છે અને ૯૮ જેટલા પ્લોટ અલગ તારવીને આપ્યા છે. આ હરાજીમાં જમીનના ભાવ પણ નિયત કરી દેવામાં આવ્યા છે તેમજ હરાજીમાં થતી રિંગને નાથવા માટે ઈ હરાજી યોજવાન નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ પ્લોટોની હરાજી તબક્કાવાર યોજાશે એટલું જ નહિ પ્લોટોને ગૃહમાં વહેંચી તેને ૪૫ મિનિટ જેટલા સમયમાં જ ઈ હરાજી કરવાની આખી વ્યુહરચના તૈયાર કરાઈ છે. અર્થાત એક ગૃહના પ્લોટની હરાજી માટે ૪૫ થી ૫૦ મિનિટ જેટલો સમય રહેશે.

આ માટે સરકારે એજન્સી પણ નિયત કરી દીધી છે. તંત્ર અને એજન્સી વચ્ચે બેઠકોનો દોર સંપન્ન થઈ ગયાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સરકારે જે ૯૮ પ્લોટ હરાજી માટે નિયત કર્યા છે તેમાં શહેરના વિકાસને ધ્યાને રાખી ૧૦ જેટલા ડોકટર હાઉસ માટે ના પ્લોટસ છે તો ૪૦ જેટલા રહેણાંક વિસ્તારના પ્લોટ છે તો ૧૦થી વધુ વાણિજય વિસ્તાર માટેના પ્લોટ છે.

પહેલીવાર પ્લોટોની હરાજીમાં ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો હોવાથી આ હરાજીમાં ડિઝીટલ સિગ્નેચર ધરાવતા રસધારકોને તંત્ર દ્વારા બે દિવસની વિશેષ તાલિમ આપવામાં આવે તેવું આયોજન પણ વિચાર્યું હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ પ્લોટોની હરાજી માટે હરાજી બોલનારે પ્લોટની કિંમતના ૧૦ ટકા જેટલી રકમ ભાગ લેતાં પહેલાં જમા કરાવવાની રહેશે તેમજ તેની બધી જ વિગતો સાથે એક અરજી ફોર્મ પણ ભરીને આપવાનું રહેશે.

તંત્રે આ હરાજી સંપૂર્ણ રીતે પારદર્શિતાથી થાય તે માટે પુરેપુરી તૈયારી કરી લીધી છે. આ પ્લોટોની હરાજી એક સપ્તાહ સુધી ચાલે તેવી શકયતા છે.



ગાંધીનગરની સાચી શોભા - આ જ ગાંધીનગરની મજા છે... માર્ગ પર મોર નાચે... નયનરમ્ય દશ્યો સર્જાય અને નગરના પ્રાકૃતિક વૈભવનો અનોખો સંયોગ રચાયો... વાહન વ્યવહારથી ધમધમતા માર્ગો પર પણ મોર, નીલગાય અને વાનરો નિશ્ચિંતપણે હરેફરે ત્યાં સુધી નગરનો પ્રાકૃતિક વારસો અકબંધ રહેશે... (તસવીર : કશ્યપ નિમાવત)

# અર્બન હેલ્થ સેન્ટરના દર્દીઓનો ઈ-હેલ્થ ડેટા તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના અર્બન હેલ્થ સેન્ટરોમાં સારવાર માટે આવતા દર્દીઓનો ઈ-હેલ્થ રેકોર્ડ તૈયાર કરવામાં આવશે.

મહાનગરપાલિકાની મોનીટરીંગ અને વિજીલન્સ સેલની ધારાસભ્ય શ્રી અશોક પટેલના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આ મહત્વનું સૂચન થયું હતું. ધારાસભ્યશ્રી અશોક પટેલે આ સૂચન કરતાં જણાવ્યું હતું કે અર્બન હેલ્થ સેન્ટરોને કોમ્પ્યુટર નેટવર્કથી સાંકળી અને આવતા દર્દીઓની સારવારનો ઈ-હેલ્થ રેકર્ડ તૈયાર કરવો જોઈએ. આ ઉપરાંત કેસ સહિતની તપાસ બાબતો કોમ્પ્યુટરાઈઝડ હોવી જોઈએ.

આ બેઠકમાં શહેરમાં આરોગ્ય વિષયક જનજાગૃતિ વધે તે માટે પણ વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

બેઠકમાં મેયર શ્રીમતિ હંસાબેન મોદી તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં આરોગ્ય ક્ષેત્રે સરકારે અમલી બનાવેલી વિવિધ યોજનાઓની કામગીરીની સમીક્ષા કરી સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

મનપાના આરોગ્ય અધિકારીશ્રીએ અર્બન હેલ્થ સેન્ટરમાં અપાતી સેવાઓ તેમજ આરોગ્ય વિષયક સેવાઓને આવરી લેતુ વિશેષ પ્રેઝન્ટેશન પણ રજુ કર્યુ હતુ.

# કુદરતી હોનારતમાં નાણાંકીય સહાયના ધોરણો જાહેર કરાયા

## તટરક્ષક દળના અન્ય ઉચ્ચ અધિકારીઓ હાજર : માનવ મૃત્યુના કિસ્સામાં વ્યક્તિદીઠ ચાર લાખની સહાય ચુકવાશે : જુદા જુદા ધારાધોરણો મુજબ સહાયતા કરાશે

ગાંધીનગર, તા.૧૨

કુદરતી હોનારતની સ્થિતિમાં નાણાંકીય સહાયના ધોરણો જાહેર કરવામાં આવ્યા છે જેના ભાગરુપે માનવ મૃત્યુના કિસ્સામાં વ્યક્તિદીઠ ચાર લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. મહેસુલ વિભાગના તા. ૨૭-૦૪-૨૦૧૫ના ઠરાવ મુજબ કુદરતી આપત્તિઓને કારણે થતા માનવ-પશુ મૃત્યુ, ઈજા તેમજ સ્થાવર જંગલ મિલકતને થતા નુકસાન માટે નાણાંકીય સહાય ચુકવવાના સંકલિત ધોરણે નક્કી કરાયા છે. નાણાકીય સહાયના સુધારેલા ધોરણો પ્રમાણે માનવ મૃત્યુના કિસ્સામાં એસ.ડી.આર.એફ.માંથી વ્યક્તિદીઠ ૪,૦૦,૦૦૦ની સહાય ચુકવવામાં આવશે. સંપૂર્ણ નાશ પામેલ કાચા-પાકા, મકાનો, આંશિક રીતે નુકસાન પામેલ કાચા-પાકા મકાનો ઘર સાથે સંકળાયેલ કેટલ શેડ, અપંગતા-ગંભીર ઈજા સહાય,દૈનિક રોકડ સહાય, કપડાં્ને ઘર વખરી, પશુ મૃત્યુ સહાય, મરઘાં મૃત્યુ સહાય કૃષિ સહાય માછીમારોને થયેલ નુકશાન સહાય આપવા માટેના કમિટિમાં અધ્યક્ષ તરીકે જિલ્લા કલેકટર તેમજ સભ્ય તરીકે જિલ્લા કલેકટર તેમજ સભ્ય તરીકે જિલ્લા વિકાસ, અધિકારી, જિલ્લા પોલીસ અધિકારી, જિલ્લા સિવિલ સર્જન અને જિલ્લાના નિવાસી અધિક કલેકટરનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કુદરતી આપત્તિઓમાં ભારે વરસાદ, પૂર, વાદળ ફાટવું વાવાઝોડુ, દુષ્કાંળ, ભુંકપ, ત્સુનામી, જમીન ઘસી પડવી, હિમપ્રયાત, કરાની વૃષ્ટિ, ઠાર અને શીત લહેર જીવાતનું આક્રમણ અને આગ વગેરેનો સમાવેશ થાય છે. કુદરતી આપત્તિ સહાય માટે શહેરી વિસ્તારમાં જિલ્લા કલેકટર અને ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા વિકાસ અધિકારીને અધિકૃત કરવામાં આવ્યા છે. તેમ મહેસુલ વિભાગની યાદીમાં જણાવાયું છે.

Hydraid BioSand Water Filter

Safe Water For Million

શુદ્ધ જળ સ્વસ્થ તન નિર્મળ જીવન

Shuddh Jal Green Earth Blue Sky




બેક્ટેરીયા, વાઈરસ, પેરેસાઈટ્સ જેવી અશુદ્ધિઓ પાણીમાંથી દુર કરે છે

Hydraid ® BioSand વોટર ફિલ્ટરના ટેકનીકલ લક્ષણો

- ઈલેક્ટ્રીસીટી, બેટરી કે મુવેબલ પાર્ટસ વગર કાર્યરત
- ઉંચાઈ : ૩૦.૫'' - પહોળાઈ : ૧૬.૫''
- વજન : ૩.૬ કે.જી. (ખાલી), ૬૩.૫૦ કે.જી. (ભરેલ)
- એફડીએ દ્વારા પ્રમાણિત યુ.વી. અવરોધક પ્લાસ્ટીક બોડી
- પ્રતિ કલાકે ૪૭ લીટર પાણી (સમયાંતરે) શુદ્ધ કરે.
- ઘર ઉપયોગી 'પોઈન્ટ-ઓફ-યુઝ' (પી.ઓ.યુ.)
- તેનો વપરાશ ૧૦ વર્ષથી પણ વધુ કરી શકો છો.
- ૮ થી ૧૦ વ્યક્તિના કુટુંબ માટે જરૂરિયાત પુરી કરનાર
- એક વર્ષની મર્યાદિત વોરંટી, ટોપ રેન્કેડ ટેકનોલોજી
- કાર્યરત કરવાનો સમય : ૨૦ મીનીટ, પાવર સોર્સ : ગ્રેવીટી

સીલીકોનયુક્ત મીનરલ જળના ફાયદાઓ

- વજન ઘટાડે છે.
- હાડકાની મજબુતાઈ વધારે છે.
- બ્લડપ્રેશરને ઘટાડે છે.
- એલડીએસ કોલેસ્ટ્રોલ ઘટાડે છે.
- પાચનશક્તિ સુધારે છે
- સ્નાયુઓની કાર્યક્ષમતા જાળવી રાખે છે.
- કીડનીની પથરીની સંભાવના ઘટાડે છે.

સીલીકોન ખનીજતત્વોનો પાણીમાં ઉમેરો કરે

૧૦૦% કુદરતી શુદ્ધિકરણ પદ્ધતિ

જરૂરી ખનીજતત્વોને જાળવી રાખે છે




MADHAV MICROTECH PVT. LTD. "Bringing Technology & People together"

TRIPLE QUEST a partnership of cascade engineering and the windquest group

સંપર્ક : પ્રત્યક્ષ નિદર્શન / બુકીંગ / ડીલરશીપ માટે સંપર્ક

પ્લાન્ટ :- એ/૬૪, કલ્પવૃક્ષ ટ્રેનિંગ સેન્ટરના ખાંચામાં, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ઈન્ડિયા)

વિદેશી ઓફીસ/OVERSEAS OFFICE : Ryan HI NU Tec Pvt LLC, 6040, Whethersfield LN, # 33E, Bloomfield Hills, MI 48301, USA

સેલ્સ પૂછપરછ : Mo. +91 94260 60458, 9426828782 • E-mail : md@madhavmicrotech.com • Website : www.madhavmicrotech.in

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

કનોરિયા હોસ્પિટલ

સારવાર અને નિદાન કેમ્પ

તારીખ : ૧૪/૫/૨૦૧૫, ગુરૂવાર
સમય : સવારે ૯-૦૦ થી ૧૨-૦૦

ડો. અનિકેત પંડ્યા M.S., DNB, Urologist
ડો. જીનેશ મોદી MD, DGO
ડો. કાર્તિક પટેલ (કન્સલ્ટન્ટ ફીજીશીયન) આઈ.સી.યુ. ઈન્ચાર્જ

ડો. ચેતન પ્રજાપતિ M.S., M.Ch. (Plastic Surgery)
ડો. રાજેશ યાદવ (કન્સલ્ટન્ટ ફીજીશીયન)
ડો. નિશાંત શાહ (કન્સલ્ટન્ટ ફીજીશીયન) ઈકો કાર્ડીયોલોજીસ્ટ

કેમ્પમાં આવનાર દર્દીઓને જરૂરિયાત પ્રમાણે મફત દવાઓ આપવામાં આવશે. ઓપરેશન રાહત દરે કરી આપવામાં આવશે. કેમ્પ દરમિયાન આવનાર દર્દીને બ્લડ સુગર તેમજ હૃદય (કાર્ડીયોગ્રામ)ની તપાસ મફત કરી આપવામાં આવશે અને જરૂરિયાતમંદ દર્દીઓને ઈકોકાર્ડીયોગ્રાફી-2D-ECHO હૃદયની સોનોગ્રાફી રૂ. ૫૦૦/-માં કરી આપવામાં આવશે.

સ્થળ : કનોરિયા હોસ્પિટલ, ઈન્દીરાબ્રીજના છેડે, ભાટ ગામ, ગાંધીનગર હાઈવે. ફોન નં. ૦૭૯-૨૩૯૬૯૨૭૪, ૨૩૯૬૯૨૯૮